# ઝારખંડમાં ભાજપને બહુમતી : જમ્મુ-કાશ્મીરમાં ત્રિશંકુ

## જમ્મુ કાશ્મીરમાં પીડીપી સૌથી મોટી પાર્ટી બની : પીડીપીને ૨૮ અને ભાજપને ૨૫ બેઠકો : ઝારખંડમાં નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે અન્યોનો સફાયો

રાંચી/શ્રીનગર,તા. ૨૩

ઝારખંડ અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે આજે જાહેર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે ઝારખંડમાં ભાજપે બહુમતિ મેળવી લેવામાં સફળતા મેળવી છે જ્યારે જમ્મુ કાશ્મીરમાં ખુબ જ જટિલ સ્થિતિ ઉભરીને સામે આવી છે. કારણ કે કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળી નથી. જમ્મુ કાશ્મીરમાં પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવી છે. પીડીપીને ૨૮ બેઠકો મળી જ્યારે ભાજપને ૨૫ બેઠકો મળી છે. નેશનલ કોન્ફરન્સને ૧૫ બેઠકો મળી છે. કોંગ્રેસને ૧૨ બેઠકો મળી છે. જમ્મુ કાશ્મીરમાં પણ ઐતિહાસિક દેખાવ કરીને ભાજપે

તમામ પ્રાદેશિક પક્ષોને હચમચાવી દીધા છે. અલબત્ત મિશન ૪૪ સંપૂર્ણપણે સફળ ન થયું હોવા છતાં ભાજપ મજબૂતરીતે તેની હાજરી પુરાવામાં સફળ રહેતા પ્રાદેશિક પક્ષો હચમચી ઉઠ્યા છે. કેટલાક ક્ષેત્રોમાં જોરદાર સપાટો બોલાવ્યો છે. પીડીપી જેવી મોટી પ્રાદેશિક પાર્ટીને ખુલ્લો પડકાર ભાજપે ફેંકી દીધો છે. ભાજપ માત્ર ત્રણ બેઠકથી સૌથી મોટી પાર્ટી બનવાથી વંચિત રહી ગઈ છે. જો કે, ઝારખંડમાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી છે. ભાજપે અહીં ૪૨ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો છે. જેએમએમને ૧૯, જેવીએમને આઠ અને અન્યોને છ બેઠકો મળી છે. કોંગ્રેસને માત્ર છ બેઠકો મળી છે અને તેનો સફાયો થયો છે. ભાજપે બંને રાજ્યોમાં જોરદાર દેખાવ કર્યો છે. જુદા જુદા રાજકીય પક્ષોએ જીત બાદ તેમની પ્રતિક્રિયા આપી હતી. ભાજપના વરિષ્ઠ નેતા રામ માધવે કહ્યું હતું કે, ખુબ સારો જનમત મળ્યો છે. અગાઉ જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી પરિણામ આવવાની શરૂઆત થયા બાદ ભાજપની છાવણીમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતુ. એકબાજુ પ્રારંભિક પ્રવાહ મુજબ જ ભાજપે ઝારખંડમાં બહુમતિ નજીકનો આંકડો મેળવી લીધો હતો. જ્યારે જમ્મુ કાશ્મીરમાં ભાજપ અને પીડીપી વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી રહી હતી. અગાઉ ચૂંટણી માટે આજે સવારે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. બન્ને રાજ્યોમાંથી પ્રવાહ આવવાની શરૂઆત થઈ ગઈ હતી. બન્ને રાજ્યોમાં આ વખતે રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ તમામ રાજકીય પક્ષોમાં મતગણતરીને લઈને ભારે ઉત્સાહ હતો. મતગણતરીને લઈને પહેલાથી તમામ તૈયારી કરી લેવામાં આવી હતી. ઉંચા મતદાનના કારણે રાજકીય પક્ષોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી હતી. જમ્મુ કાશ્મીરમાં અંતિમ તબક્કામાં ૭૬ ટકા મતદાન થયું હતું જ્યારે ઝારખંડમાં ૭૧.૨૫ ટકા જેટલું ઐતિહાસિક ઉંચુ મતદાન થયું હતું. બન્ને રાજ્યોના ચૂંટણી ઇતિહાસમાં સૌથી ઉંચુ મતદાન થયું છે. બંને રાજ્યોમા હિંસાના છુટાછવાયા બનાવ સિવાય મતદાન તમામ તબક્કામાં શાંતિપૂર્ણ રહ્યું હતું. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી.મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકો પણ મતદાનમાં જોડાયા હતા. પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી તે પહેલા જ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા હતા.

વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી. અસામાજિક તત્વો પર નજર રાખવામાં આવી હતી. બન્ને રાજ્યોમાં મતદાન દરમિયાન હથિયારો મળ્યા બાદ વિશેષ કાળજી લેવામાં આવી હતી.

**ઝડપાયેલાઓમાં પાંચ ભારતીય**

## પાકિસ્તાન માટે જાસુસી બદલ છ શખ્સ ઝડપાયા

નવી દિલ્હી,તા. ૨૩

લોકસભામાં આજે શિયાળુ સત્રના છેલ્લા દિવસે માહિતી આપવામાં આવી હતી કે, પાકિસ્તાન માટે જાસુસી પ્રવૃત્તિમાં સામેલ રહેવા બદલ આ વર્ષે છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરવામાં આવેલા લોકોની અંદર પાંચ લોકો ભારતીય છે જ્યારે એક શ્રીલંકન નાગરિક છે. લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં માહિતી આપતા ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, વર્તમાન વર્ષ ૨૦૧૪ સુધી છ પાકિસ્તાની જાસુસી મોડલના નેટવર્કનો પર્દાફાશ કરાયો છે અને આ સંદર્ભમાં છ લોકોની ધરપકડ કરાઈ છે. દેશમાં જુદી જુદી સંસ્થાઓ સાથે સંબંધિત માહિતી પાકિસ્તાનને આપવા બદલ આ છ લોકોની ધરપકડ કરાઈ છે. ઝડપાયેલા છ લોકો પૈકી પાંચ ભારતીય છે અને એક શ્રીલંકન નાગરિક છે. દેશમાં જાસુસીની પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવા બહુપાંખિય અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. સંકલનની પ્રવૃત્તિ પણ વધારીદેવામાં આવી છે. તકેદારી વધારવામાં આવી છે. સરહદપારથી ગેરકાયદે પ્રવૃત્તિ રોકવામાં આવી રહી છે. જુદી જુદી સંસ્થાઓ વચ્ચે સંકલનના પ્રયાસ થઈ રહ્યા છે. રાજ્ય પોલીસ અને સુરક્ષા દળોને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી ચુકી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે પણ સંકલન વધારાયું છે.

**લોકસભામાં ૧૮ અને રાજ્યસભામાં ૧૨ બિલ પસાર કરાયા**

## સંસદનું શિયાળુ સત્ર પૂર્ણ

નવીદિલ્હી,તા. ૨૩

ધર્માંતરણ સહિત જુદા જુદા મુદ્દાઓ ઉપર ભારે ધાંધલ ધમાલ બાદ સંસદનું શિયાળુ સત્ર આજે પૂર્ણ થયું હતું. જો કે, આ શિયાળુ સત્રમાં કોલસા ખાણ ફાળવણી અને શ્રમ કાયદાઓ ઉપર સુધારા સહિત લોકસભામાં ૧૮ ખરડા પસાર કરવામાં આવ્યા હતા જે એક રેકોર્ડ છે. બજેટ સત્રમાં ૧૨ બિલ પસાર કરાયા હતા. રાજ્યસભામાં ૧૨ બિલ પસાર કરાયા છે. ભારે ધાંધલ ધમાલની સ્થિતિ વચ્ચે પણ શિયાળુ સત્ર ફળદાયી રહ્યું છે. કુલ ૨૨ બેઠકો યોજાઈ હતી. જો કે, ચાવીરુપ સુધારા દરખાસ્તો ખાસ કરીને વિમા કાયદા (સુધારા બિલ)ને પસાર કરવામાં મંજુરી મળી શકી નથી. આ બિલમાં વિમા ઉદ્યોગમાં ૪૯ ટકા સુધી વિદેશી રોકાણને મંજુરી આપવામાં આવી છે. અપેક્ષા મુજબ આ બિલ પસાર થઈ શક્યું નથી. બીજી બાજુ સંસદનું શિયાળુ સત્ર ખુબ જ ફળદાયી રહ્યું છે. ૧૮ ખરડા પસાર કરવામાં આવ્યા છે. રાજ્યસભાના શિયાળુ સત્રમાં ૧૨ બિલ પસાર કરવામાં આવ્યા છે. ૨૨ બેઠકો યોજાઈ હતી. જુદા જુદા મુદ્દાઓને લઈને ૬૨ કલાકની કામગીરી બગડી હતી. ગૃહને અચોક્કસ મુદ્દત માટે મોકૂફ કરતા પહેલા ચેરમેન હમીદ અન્સારીએ માહિતી આપતા કહ્યું હતું કે, બે સરકારી બિલ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. એક રજૂ કરી દેવામાં આવ્યું હતું. બે બિલ રાજ્યસભાની પસંદગી સમિતિને સોંપી દેવામાં આવ્યા છે. ૧૨ બિલ સંસદના સત્ર દરમિયાન પસાર કરી દેવાયા છે અથવા તો રિટર્ન કરી દેવામાં આવ્યા છે. સેશન દરમિયાન પસાર કરવામાં આવેલા બિલમાં લેબર લો, એપ્રેન્ટિસ બિલ અને મર્ચન્ટ શિપિંગ બિલનો સમાવેશ થાય છે. ગૃહ દ્વારા ૭૬ કલાકથી વધુ સમયની બેઠક નક્કી કરવામાં આવી હતી. ૬૨ કલાક જુદા જુદા મુદ્દાઓ ઉપર ખોરવાઈ ગયા હતા જેમાં હૈદરાબાદમાં રાજીવ ગાંધી એરપોર્ટના નામને બદલવા, કાળા નાણાને લઈને વિવાદ અને કેન્દ્રીય પ્રધાન દ્વારા કરવામાં આવેલા વાંધાજનક સુચનનો સમાવેશ થાય છે. ભારતીય નાગરિકો દ્વારા વિદેશી બેંકોમાં જમા કરવામાં આવેલા કાળા નાણાના મુદ્દે પણ હોબાળો થયો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી હનુમંતરાવે ૧૭મી ડિસમ્બરના દિવસે ગૃહમાંથી તેમના સૂચનો ખેંચી લેવા કહેવામાં આવ્યું હતું. તેમને ગૃહમાંથી બહાર પણ કાઢવામાં આવ્યા હતા. સત્ર દરમિયાન ૩૮૦થી વધુ પ્રશ્નો કરાયા હતા જ્યારે ૩૪૭૦ પ્રશ્નો રજૂ કરાયા હતા. ભારે ધાંધલ ધમાલના પરિણામ સ્વરુપે ૧૪ દિવસ પ્રશ્ન કલાકની કામગીરી હાથ ધરી શકાય ન હતી.

## આખરે ડોલર સામે રૂપિયો ૬૩.૨૮ની સપાટીએ બંધ

નવીદિલ્હી,તા. ૨૩

**ડોલર સામે રૂપિયામાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૬૩.૨૮ની સપાટીએ રહ્યો હતો. સોમવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૩.૨૪ની સપાટીએ રહ્યો હતો. બેંચમાર્કને લઇને આજે ભારે ઉથલપાથલની સ્થિતિ રહી હતી. શેરબજારમાં જારી કારોબારની પણ અસર રહી હતી. ઓઇલની કિંમતોમાં ઘટાડો થયો છે. મહિનાના અંતે ડોલરની માંગ આજે જોવા મળી હતી. ફોરેન ફંડ પ્રવાહમાં મૂવમેન્ટ જારી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ચાલતી તેજી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. સેંસેક્સમાં ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં ૧૯૫ પોઇન્ટનો ઘટાડો રહેતા તેની અસર પણ જોવા મળી હતી. બોન્ડ કારોબારમાં વિદેશી રોકાણકારો તરફથી મજબૂત માંગ રહી હતી. બેંચમાર્ક પાંચ વર્ષનો રેટ ઘટીને બંધ રહ્યો હતો. કારોબારીઓનું કહેવું છે કે, સરકારી બેંકો દ્વારા ડોલરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. નિકાસકારો રૂપિયાની રિકવરી માટે મદદરુપ બની રહ્યા છે. આવતીકાલે માસિક ડેરિવેટિવ કારોબાર પૂર્ણ થનાર છે. આવી સ્થિતિમાં ડોલર સામે રૂપિયામાં ઉતારચઢાવની સ્થિતિ સ્વભાવિક રહી છે. આવતીકાલે પણ આવી જ સ્થિતિ રહી શકે છે.**

## પંજાબમાં અકાળી દળ સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત રજુ

ચંદીગઢ,તા. ૨૩

કોંગ્રેસે પંજાબ વિધાનસભામાં અકાળી દળ - ભાજપ ગઠબંધન સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. વિપક્ષના નેતા સુનીલ જાખરે પંજાબમાં ડ્રગ્સના દૂષણના મુદ્દા ઉપર દરખાસ્ત રજુ કરી હતી. સાથે-સાથે આ કારોબારને રોકવામાં પ્રકાશસિંહ બાદલના નેતૃત્વમાં સરકારની નિષ્ફળતાનો મુદ્દો ઉઠાવ્યો હતો. અધ્યક્ષ ચરણજીતસિંહે આ દરખાસ્તને સ્વીકારી લીધી હતી અને ચર્ચા માટે બે કલાકનો સમય ફાળવ્યો હતો. શાસક શિરોમણી અકાળીદળ અને ભાજપ ગઠબંધનને ૭૨ મિનિટનો સમય અપાયો હતો. જ્યારે કોંગ્રેસને ૪૫ મિનિટનો સમય

અપાયો હતો. અપક્ષોને ત્રણ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. જાખરે અપક્ષોને તેના ક્વોટા પૈકી ૧૦ મિનિટનો સમય આપવાની વિનંતી કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સના આધાર ઉપર અવિશ્વાસ દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. કેબિનેટ પ્રધાન બિક્રમજિત સામે હાલમાં જ સમન્સ જારી કરવામાં આવ્યો હતો. ડ્રગ્સ દાણચોરીના કેસમાં મજેઠીયા સામે સમન્સ જારી કરાયો છે. મજેઠીયા કેન્દ્રીય પ્રધાન હરસિમરત કૌરના ભાઈ તરીકે છે. દરખાસ્તની હાર સ્પષ્ટ દેખાઈ રહી છે. કારણકે, અકાળીદળ અને ભાજપના કુલ ૭૦ સભ્યો છે. કોંગ્રેસ ૪૪ સભ્યો ધરાવે છે. બાદલ સરકાર હાલમાં મુશ્કેલીમાં દેખાઈ રહી છે.

## સત્યમ કેસમાં ચુકાદો ૯મી માર્ચે જાહેર કરાશે

હૈદરાબાદ, તા. ૨૩

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સત્યમ કમ્પ્યુટર સર્વિસ લિમિટેડ કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ કૌભાંડના કેસમાં ટ્રાયલ ચલાવી રહેલી ખાસ અદાલતે આજે કહ્યું હતું કે તે નવમી માર્ચ ૨૦૧૫ના દિવસે તેનો ચુકાદો જાહેર કરશે. સ્પેશિયલ જજ એન ચક્રવર્તી દ્વારા ચુકાદાની તારીખ આજે જાહેર કરવામાં આવી હતી. તમામ આરોપી આજે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૧૦ આરોપીઓએ કોર્ટ કાર્યવાહીમાં હાજરી આપી હતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કૌભાંડમાં ટ્રાયલ ૮મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે શરૂ થઈ હતી. આ ટ્રાયલ ૨૪મી જૂન ૨૦૧૪ના દિવસે પૂર્ણ થઈ હતી. ૨૦મી ઓક્ટોબરના દિવસે ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે, તે ૨૩મી ડિસેમ્બરના દિવસે ચુકાદો જાહેર કરશે પરંતુ ચુકાદો જાહેર કરી શકાયો ન હતો. આશરે છ વર્ષ સુધી ટ્રાયલ ચાલ્યા બાદ હવે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે જેથી તેના પર તમામ કોર્પોરેટ જગતની પણ નજર રહેશે. એસએફઆઈઓ કેસોમાં સત્યમના સ્થાપક બી. રામાલિંગા રાજુને અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ હવે ચુકાદો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ

(એસએફઆઈઓ) દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોના સંબંધમાં આર્થિક ગુનાઓ માટેની અદાલતે આઠમી ડિસેમ્બરના દિવસે સત્યમના ભૂતપૂર્વ ચેરમેન રાજુ, તેમના ભાઈ અને સત્યમના પૂર્વ એમડી બી. રામા રાજુ, તેના પૂર્વ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર વી. શ્રીનિવાસ અને પૂર્વ ડિરેક્ટર રામ મ્યાનામપતિને છ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી. કેન્દ્રિય કોર્પોરેટ બાબતોના મંત્રાલયની તપાસ શાખા તરીકે એસએફઆઈઓ છે. આ શાખા દ્વારા ડિસેમ્બર ૨૦૦૯માં આર્થિક ગુનાઓ માટે ખાસ અદાલતમાં કંપની એક્ટની જોગવાઈનો ભંગ કરવા બદલ સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લિમીટેડ અને તેના ડિરેકટરો સામે સાત ફરિયાદો દાખલ કરી હતી. દેશના સૌથી મોટા કોંભાંડ તરીકે તેને ગણવામાં આવે છે. સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે આ કેસ સપાટી પર આવ્યો હતો. સીબીઆઈએ તપાસ દરમિયાન ધડાકો કર્યો હતો કે આ કોંભાંડના કારણે સત્યમના શેરધારકોને ૧૪૦૦૦ કરોડનુ નુકસાન થયું છે.

**નવાં ક્લેવર** (પાના નં. ૪ નું ચાલુ)

જ્યારે ક્યારેક આકાશનાં વાદળો ઘેરાવા લાગે પવનની ઝડીઓથી વૃક્ષો નાંચી ઊઠે ત્યારે અમુક વૃક્ષોનાં પર્ણો તો ચાંદી જેવા ચમકી ઊઠતાં એ દૃશ્ય મને ખુબ જ મનોરમ લાગતું. જેને અપલક જોયા કરવાનું મન થતું. હું બારી ખોલીને જોયા જ કરતી. નૃત્ય કરતાં એ વૃક્ષો અને વાદળ કરતા મેઘને.

એ દિવલો જેવી અનુભૂતિ મને એ પહેલાં ક્યારેય થઇ નથી. હું જાણે કે સ્વપ્ન લોકમાં વિચરણ કરતી હતી. ક્યારેક પ્રસન્ન તો ક્યારેક ઉદાસ હરક્ષણ મારા મનોભાવો બદલાતા હતા. બધા મારી આજુબાજુ હતા, છતાં હું જાણે એકલી હતી, પરંતુ તારા ગંભીર વ્યક્તિત્વએ ક્યારેય મને છૂટ ન આપી. અને તે ક્યારેક મારી સાથે વાત કરવાની કોશિષ પણ ન કરી.

છતાં કોણ જાણે કઇ રીતે આપણી વચ્ચે વાતો થયા કરતી. કદાચ ક્યારેક ક્યારેક આપણી આંખો વાતો કર્યા કરતી. તારી મારી સાથે અને મારી તારી સાથે, તેથી જ આપણે એકબીજાના મનોભાવને સમજી જતાં હતા. કોઇ બંધન વિના આપણે એકબીજાના બંધનમાં બંધાઇ ગયા હતા. હવે આપણે એકલાં હોવા છતાં એકલાં નહોતા. ખબર નહીં ક્યારે એક નામ વગરનો સંબધ આપણી વચ્ચે થઇ ગયો હતો. અને હરપળ આપણે એકબીજાને અનુભવતા હતા. જ્યારે આપણને કોઇ ચીજની જરૂર હોય તો કોઇને કોઇ બહાનુ કાઢી મોકલી દેતાં એકબીજાને, કોઇને કોઇ રીતે કોઇને કોઇ સાથે એવું પણ બનતું.

આ દિવસોમાં આપણી વચ્ચે મૌનથી વાતો થતી. એમ જ મહિનાઓ વીતી ગયા. ધીરે ધીરે એવા દિવસો પણ આવ્યા જ્યારે આપણે એકબીજા સાથે વાત કરવાના બહાના શોધવા લાગ્યા.

હું ગભરાઇ જતી. જ્યારે તું તોફાન અને વાવાઝોડામાં ઘરની બહાર નીકળી પડતો. તને રોકવાનું મને મન થતું પણ ઇચ્છવા છતાં ક્યારેય રોકી ન શકી.

(ક્રમશ:)

## એનઆરઆઈને મતદાન માટે ટુંક સમયમાં અધિકાર : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૩

પ્રવાસી દિવસ પહેલા સરકાર એનઆરઆઈ સમુદાયને મતદાનનો અધિકાર આપે તેવી શક્યતા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આ અંગે ખાતરી આપી ચુકી છે. મોદી સરકાર એકપછી એક મોટા નિર્ણય લઈ રહી છે. સંસદમાં વર્ષ ૨૦૧૦માં એક લોક પ્રતિનિધીત્વ ધારા સુધારા બિલ ૨૦૧૦ પસાર કર્યું હતુ. જેમાં ભારતીય ચૂટણીમાં એનઆરઆઈને મતદાનનો આધિકાર આપવાની જોગવાઈ રહેલી છે. વિશ્વભરમાં હાલમાં ૧૧ મિલિયન એનઆરઆઈ રહે છે. સાતમી જાન્યુઆરીથી વાર્ષિક પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શરૂ થઈ રહી છે. આ પ્રવાસી ભારતીય દિવસની તૈયારી કેટલાક રાજ્યોમાં જોરદાર રીતે ચાલી રહી છે. જેમાં ગુજરાત પણ સામેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આઠમી જાન્યુઆરીના દિવસે બેઠકને સંબોધન કરનાર છે.

## સુરક્ષા ઉપર ખતરો : હવાઈ દળ અડધી તાકાત પર સક્રિય

નવી દિલ્હી,તા. ૨૩

દેશની સુરક્ષાની જવાબદારી સંભાળનાર હવાઈ દળ હાલમાં અડધી તાકાત પર સક્રિય છે. જેથી સુરક્ષા સામે સંકટના વાદળો ઘેરાયેલા છે. હવાઈ દળની પાસે નિર્ધારિત ૪૨ કોમ્બેટ સ્કવાડ્રોનની સામે માત્ર ૨૫ સ્કવાડ્રોન છે. આમાં પણ ૧૪ યુદ્ધ કાફલા વર્ષ ૨૦૧૫માં નિવૃત થનાર છે. હવાઈ દળમાં યુદ્ધ વિમાનોના કાફલામા ઓછી સંખ્યા હોવાના કારણે ભારે તકલીફ થઈ શકે છે. આ મામલે ચિંતા વ્યક્ત કરીને હાલમાં સંસદીય સમિતીની બેઠક યોજાઈ હતી. જેમાં હવાઈ દળના આધુનિકીકરણ અને પડોશી દેશોથી રહેલા ખતરાને ધ્યાનમાં લઈને સ્થિતીને મજબુત કરવાના પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. નાણાંની આવી રહેલી અડચણોના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. ભાજપના નેતા બીસી ખંડુરીના નેતૃત્વમાં આ સમિતીએ સંસદની સમક્ષ રજૂ કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે હવાઈ દળને દેશના બન્ને તરફના ખતરાને પહોંચી વળવા માટે ૪૫ યુદ્ધ સ્કવાડ્રનની જરૂર છે. સરકાર તરફથી માત્ર ૪૨ સ્કવાડ્રોન નક્કી કરવામાં આવ્યા છે.આ ૪૨ પૈકી પણ હજુ માત્ર ૨૫ સ્કવાડ્રોન જ અમારી પાસે છે. અમારી યુદ્ધ ક્ષમતા ખુબ નીચે જતી રહી છે. અહેવાલમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે અમારા પડોશી દેશોની સરખામણીમાં અમારી તાકાત ખુબ ઝડપથી ઘટી રહી છે. જરૂરી વાસ્તવિક ક્ષમતાની વચ્ચે અંતર વધતા ભવિષ્યમાં વધારે તકલીફ પડી શકે છે. સંરક્ષણ જરૂરીયાતોની અવગણના કરવાની બાબત ઘાતક સાબિત થઈ શકે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૫ સક્રિય યુદ્ધ વિમાનોમાંથી ૧૪ મિગ-૨૧ એસ અને મિગ-૨૭ એસ વિમાનો છે. જેને વર્ષ ૨૦૧૫માં નિવૃત કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં ૨૦૨૪ સુધી વર્તમાન તાકાતમાં માત્ર ૧૧ સ્કવાડ્રોન જ રહી જશે.હવાઈ દળને હજુ ૨૭૨ સુખોઈ -૩૦ એમકોઈ વિમાન મળનાર છે. જેનાતી ૧૩ નવા કાફલાની રચના કરવામાં આવનાર છે. નવા વિમાન આવ્યા બાદ રચના કરાશે.

## વિમા બિલનું ભાવિ હજુય અનિશ્ચિત રહ્યું

નવીદિલ્હી,તા. ૨૩

સંસદનું શિયાળુ સત્ર આજે પરિપૂર્ણ થઈ ગયું છે પરંતુ વિમા બિલનું ભાવિ અનિશ્ચિત રહ્યું છે. વિમા કાયદા સુધારા બિલમાં ઘણી મહત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે જેમાં ૪૯ ટકા વિદેશી મૂડીરોકાણની બાબતનો સમાવેશ થાય છે. શિયાળુ સત્રમાં આ બિલ પસાર થઈ જશે તેવી ગણતરી હતી પરંતુ વિમા બિલનું ભાવિ અનિશ્ચિત રહ્યું છે. શિયાળુ સત્રના છેલ્લા દિવસે પણ વિમા બિલ પસાર કરી શકાયું ન હતું. જો કે, આ બિલની જગ્યાએ વટહુકમ રુટ લાવવામાં આવે તેવી શક્યતા છે. ઈન્ડસ્ટ્રી સૂત્રોનું કહેવું છે કે, આ મોરચે તાત્કાલિક પગલાની કોઈ શક્યતા દેખાતી નથી. બિલનો મુખ્ય ઉદ્દેશ્ય વિમા સેક્ટરની એકંદરે સ્થિતિને સુધારવા માટેનો છે. ચાવીરુપ સુધારા ખુબ જ મહત્વપૂર્ણ છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો અને વિદેશી પોર્ટફોલિયો મૂડીરોકાણકારો પણ ખુબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- **હવાલા ડ્રગ્સ પ્રકરણમાં પંજાબના પ્રધાનશ્રી મજીઠીયાની પુછપરછ.**
- **ખાનગી વાહનો માટે ટોલટેક્ષ નાબુદ કરવાની કવાયત.**
- **ક્ષય હવે અસાધ્ય રોગ નથી. મને પણ ક્ષય હતો હવે મટી ગયો-અમિતાભ બચ્ચન.**
- **બેંક એસ.એમ.એસ., એટીએમ સ્લીપ હવે હિન્દીમાં આપવાની વિચારણા.**
- **રીલાયન્સ હવે ઈ-રીટેઈલ બજારમાં મોબાઈલ-લેપટોપ-કોમ્પ્યુટર ટેલિવિઝન વેચશે.**
- **ભારતે કબડ્ડીમાં વિશ્વ કપ જીત્યો.**
- **સૂરતમાં જોડીયા દીકરીઓને ઝેર પીવડાવી જમીન દલાલે આપઘાત કર્યો.**
- **લાલપુરમાં પોલીસ દમનના વિરોધમાં સજ્જડ બંધ પળાયો.**
- **ગુજરાતમાં સાયબર સુરક્ષા કવચ કડક બનાવાશે.**
- **બોક્સર મોહમંદ અલી ન્યુમોનીયાની સારવાર માટે હોસ્પિટલમાં.**
- **પૂર્વ વડાપ્રધાનશ્રી મનમોહનસિંહજીને બીજો એશિયા કોસ્મોપોલીટન પુરસ્કાર એનાયત થયો.**
- **સતત બીજી વખત સચીન તેંડુલકર વર્લ્ડ કપ ૨૦૧૫નો એમ્બેસેડર.**